# ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ( સને ૧૯૫૧ નો ૨૨ મો) ની કલમ– ૩૭(૩) અન્વયેનો હુકમ

નં.ડીસીબી/એમએજી/જી.પી.એ./કા.વ્ય./વશી.૩૭૨૩ થી ૩૭૫૬/૨૦૨૦
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, નવસારી
તા.૦૪/૦૪/૨૦૨૦

**–:: હુકમ ::–**

હાલ ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ઉપવાસ પર બિન પરવાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામા પણ નાગરીકો પોતાની માંગણી,રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોકકસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતા સંક ળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ અને ભુખ હડતાલનું ઓચિંતું અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે.જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

**વાસ્તે, હું કે.જે.રાઠોડ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ નવસારી જિલ્લો, નવસારી ,** ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ–૩૭(૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ નીચે મને મળેલ સત્તાની રૂએ **તા.૦૪/૦૪/૨૦૨૦ના કલાક ૦૦:૦૦ થી તા.૧૮/૦૪/૨૦૨૦ના કલાક ૨૪:૦૦ (બંને દિવસો સહિત)** સુધી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી નવસારી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત , પોલીસ અધિક્ષકશ્રી નવસારીની કચેરી તથા તાલુકા ખાતે આવેલ તાલુકા મામલતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિકારીશ્રીની કચેરી તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ,આમરણાંત ઉપવાસ અને ધરણા/ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ : (અ) આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુપડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ–૧૩૫(૩) અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ–૧૮૮ અનુસાર સજાને પાત્ર થશે.

Scanned with CamScanner

આ હુકમની જાહેરાત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોંટાડીને પોલીસ ખાતા ધ્વારા કરવી અને સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા.૦૪/૦૪/૨૦૨૦ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

(કે.જે.રાઠોડ)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નવસારી

પ્રતિ,
મેનેજરશ્રી ,
સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતુ,
વડોદરા.

૨/– સદરહુ જાહેરનામું આવતા રાજયપત્ર અંકમાં પ્રસિધ્ધ કરી તેની નકલો અત્રે તાકીદે મોકલી આપવા વિનંતી છે.

નકલ સવિનય રવાના :–

– નાયબ સચિવશ્રી ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગર.
– પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજશ્રી નવસારી
– ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી સુરત,રેંજ સુરત
– જયુડીશિયલ મેજિસ્ટ્રેટશ્રી(ફ.ક.) નવસારી / જલાલપોર / ગણદેવી / ચીખલી / વાંસદા
– સહાયક માહિતી નિયામકશ્રી નવસારી તરફ
  ૨/– ઉકત જાહેરનામુ આઈટમ ઓફ ન્યુઝ તરીકે વર્તમાન પત્રમાં વિના મુલ્યે લોકોની જાણ માટે પ્રસિધ્ધ કરવા સારુ.
– પોલીસ અધિક્ષકશ્રી નવસારી તરફ બહોળી પ્રસિધ્ધી સારું.
– સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ નવસારી / ચીખલી / વાંસદા તરફ
– પોલીસ ઈન્સ્પેકટર / સબ ઈન્સ્પેકટરશ્રી, ( નવસારી ટાઉન / નવસારી રૂરલ / જલાલપોર / ગણદેવી / બીલીમોરા / ચીખલી / ખેરગામ / વાંસદા / એલ.આઈ.બી / એલ.સી.બી. / એસ.ઓ.જી. )
– મામલતદાર અને કાર્યપાલક મેજિ.શ્રી, નવસારી(શ.)/ નવસારી(ગ્રા.)/ જલાલપોર/ ગણદેવી/ ચીખલી/ ખેરગામ/ વાંસદા

Scanned with CamScanner